જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૭/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૪૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૮૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ એક્ટીવા કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૧૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૫૦/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૫૧/૧૫</u>**

**ચાંદખેડા :** ગીતાબહેન નવનીત રાજપુત (રહે. ગણેશનગર નર્સરી, રામસજીવનનાં મકાનમાં, મોટેરા, ચાંદખેડા) એ તા.૩/૭/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૬/૧૫ સવારનાં ૧૦/૦૦ થી સાંજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી પોતાના પુત્ર સચીન (ઉ.વ.૧૨) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૫૨/૧૫</u>**

**ઓઢવ :** ગૌરાંગકુમાર માધુભાઇ પટેલ (રહે. પંપ તેજપ્રસાદ સોસાયટી, લંગડીયા હનુમાનજીનાં મંદિરની બાજુમાં, વિરાટનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૬/૨૦૦૩ થી તા.૩/૭/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) પાલીબહેન પ્રાણદાસ પટેલ (૨) રાકેશભાઇ પ્રહલાદભાઇ પટેલ (સુજ્ઞાન એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી) (૩) રેણુકાબહેન અંબાલાલ પટેલ (સ્કુલનાં આચાર્ય)(ત્રણેય રહે.સ્વામી અખંડ આનંદ સોસાયટી, કે.કે.નગર પાછળ, ઘાટલોડીયા) (૪) મહેન્દ્રભાઇ વિઠ્ઠલદાસ પટેલ (રહે.શેવદશ સોસાયટી, આદર્શ સ્કુલની બાજુમાં, વિરાટનગર, ઓઢવ) (૫)પ્રજ્ઞાબહેન પ્રહલાદભાઇ પટેલ (રહે.શુભમ બંગ્લોઝ,, કે.કે.નગરની બાજુમાં, ઘાટલોડીયા) નાઓએ ભેગામળી પોતાના આર્થીક ફાયદા સારૂ આચાર્ય અને કોમ્પ્યુટર શિક્ષક તરીકે ખોટી નિમણુક બતાવી, તેનાં પગાર પેટે કુલ રૂપિયા ૨૫,૬૦,૦૦૦/- મેળવી તેમજ લોન પેટે રૂપિયા ૩૦,૦૦૦/- અને એન.સી.સી. પ્રવૃત્તિ પેટે રૂપિયા ૨,૧૩,૦૦૦/- મેળવી સરકારશ્રી તથા મંડળ સાથે કુલ રૂપિયા ૩૧,૬૩,૦૦૦/- ની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ શ્રી ડી.એચ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૫૩/૧૫**

**સેટેલાઇટ :** તેજસ વિષ્ણુપ્રસાદ મહેતા (રહે.વાસુપુજ્ય ટાવર, બાલેશ્વર સ્ક્વેરની બાજુમાં, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૭/૧૫ બપોરનાં ૨/૪૫ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના, અને રોકડ રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**વેજલપુર :** ચમનભાઇ જગવાભાઇ બારૈયા (રહે.શાંતીનગર વિભાગ-૧, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૭/૧૫ નાં કલાક ૧/૦૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, અને મોબાઇલ મળી કુલ રૂપિયા ૧,૨૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.

**ચોરી :** **સમાચાર યાદી નં.૧૩૫૪/૧૫**

**કાગડાપીઠ** : સુરેશભાઇ મોહનભાઇ વસાવા (રહે, ગામ: મછલીપુરા પો. કોટમ્બી, તા.વાઘોડીયા, જી.વડોદરા) એ તા.૩/૭/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી કે તા.૨૫/૬/૧૫ સાંજનાં ૬/૧૫ થી ૬/૩૫ વાગ્યા દરમ્યાન રાયપુર દરવાજા બહાર, શ્રીજી ટ્રેડર્સ સામે રોડ ઉપર બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) સુરેશભાઇ પાસે આવી "તમારા પૈસા પડી ગયેલ છે" તેમ કહી સુરેશભાઇની નજર ચુકવી ગાડીમાંથી કાળા રંગની બેગ કે જેમાં લેપટોપ, આઇપેડ, મોબાઇલ અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૪,૫૦૦/- ની મતા હતી. જે બેગની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભીમસિંહ કરશનજી ચલાવે છે.

**ચેઇન સ્નેચીંગ :-** **સમાચાર યાદી નં.૧૩૫૫/૧૫**

**સાબરમતી** : નેહાબહેન ચેતનભાઇ ઠક્કર (રહે,ઓઝોન રેસીડન્સી, નરનારાયણ ટેનામેન્ટની બાજુમાં, ચેનપુર રોડ, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૭/૧૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ શીવગંગા બંગ્લોઝ નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નેહાબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- તોડી લઈ નાસી ગયા હતા .આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.છાસીયા ચલાવે છે.

**નવરંગપુરા** : અજીબહેન છગનભાઇ પરમાર (રહે,તુલસી નગર સોસાયટી, સોરબજી એપાર્ટમેન્ટની સામે, જુના વાડજ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૭/૧૫ રાતનાં ૯/૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી રોડ, વાડીલા હાઉસ સામેથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) અજીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૬,૦૦૦/- તોડી લઈ નાસી ગયા હતા .આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશકુમાર અભેસંગ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૫૬/૧૫</u>

**કૃષ્ણનગર :** મોહિતસિંહ રામકિશનસિંહ ચૌહાણ (રહે.કોમલપાર્ક, જ્ઞાનગીતા સ્કુલની બાજુમાં, નવા નરોડા) એ તા.૨૯/૬/૧૫ રાતના કલાક ૧૧/૦૦ વાગે કૃષ્ણનગર, ઠક્કરનગર ધવંતરી હોસ્પીટલ સામે પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સી.વાય. ૯૩૯ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૦/૬/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મોહિતસિંહ ચૌહાણે તા.૩/૭/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)